Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# Shree Atmanand Prakash



पाथेयं सह गृह्णाति गच्छन् ग्रामान्तरं जनः ।
तथा पाथेयसंयुक्त एव गच्छेद् भवान्तरम् ॥

* માણસ બીજે ગામ જતાં પોતાની સાથે ભાતું લે છે, તેમ માણસે ભાતાની સાથે જ પરલોકગમન કરવું જોઇએ.

* As a person takes viaticum with him, while going to another village, so a person should be endowed with viaticum, while going to the next world.


| પુસ્તક : ૯૫ | પોષ-મહા | આત્મ સંવત : ૧૦૧ |
| --- | --- | --- |
| 卐 | 卐 | વીર સંવત : ૨૫૨૪ |
| અંક : ૩-૪ | જાન્યુઆરી-ફેબ્રુઆરી-૯૮ | વિક્રમ સંવત : ૨૦૫૪ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | તું પ્રભુ મારો | રજૂકર્તા : મુકેશ એ. સરવૈયા | ૧૭ |
| (૨) | શ્રી તીર્થંકર ચરિત્ર [સચિત્ર ગ્રંથનો થાણા મુકામે થયેલ શાનદાર વિમોચન સમારોહ | — | ૧૮ |
| (૩) | જંબૂવિજયજી મ સાહેબના વ્યાખ્યાનો | જંબૂવિજયજી મહારાજ સાહેબ | ૨૨ |
| (૪) | જંગલમાં મંગલ : એક અદ્‌ભુત ચમત્કારિક ઘટના | રસીકલાલ સી. પારેખ | ૨૫ |
| (૫) | શ્રદ્ધાના બળે | ભુપતરાય કુંવરજી દોશી મુલુન્ડ-મુંબઇ | ૩૨ |
| (૬) | સ.ભાર સ્વીકાર | | ટાઇટલ પેજ-૩ |


આ સભાના નવા આજીવન સભ્યશ્રી

૧. શ્રી પંકજકુમાર માનચંદભાઇ શાહ-ભાવનગર

આ સભાના નવા પેટ્રન મેમ્બરશ્રી

૧. શ્રી ફુલચંદ મુલતાનમલજી સોલંકી–થાણા
૨. શ્રી ઉમેદમલ શાહ Co. હેમેન્દ્રકુમાર ઉમેદમલ શાહ-મુંબઇ
૩. શ્રી ખાંતિલાલ બાબુલાલ શાહ–સીકન્દ્રાબાદ
૪. શ્રી હસમુખરાય પ્રભુદાસ ગાંધી–મુંબઈ
૫. શ્રી અરવિંદકુમાર પ્રભુદાસ ગાંધી–મુંબઇ
૬. શ્રી જીતેન્દ્રકુમાર વિનયચંદ શાહ–મુંબઈ
૭. શ્રી વિનોદરાય હેમચંદભાઈ શાહ-મુંબઈ
૮. શ્રી રાહુલકુમાર જીતેન્દ્રભાઇ પીરવાલ–મુંબઇ
૯. શ્રી સનતકુમાર એ. કાપડીયા-મુંબઇ
૧૦. શ્રી મહિપતરાય અમરચંદ શાહ - ચેન્નાઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ


## : તું પ્રભુ મારો :

તું પ્રભુ મારો હું પ્રભુ તારો, ક્ષણુ એક મુજને ના રે વિસારો
મહેર કરી મુજ વિનંતી સ્વીકારો, સ્વામી સેવક જાણી નિહાળો
તું પ્રભુ મારો....

લાખ ચોરાસીમા ભટકી પ્રભુજી આવ્યો છું તારે શરણેજી
દુર્ગતિ કાપો, શિવસુખ આપો, સ્વામી સેવક જાણી નિહાળો
તું પ્રભુ મારો....

અક્ષય ખજાનો પ્રભુ તારો ભર્યો છે આપો કૃપાળુ મેં હાથ ધર્યો છે
વામાનંદન જગનંદન પ્યારો, દેવ અનેશ માહી તું છે ન્યારો
તું પ્રભુ મારો...

પળ પળ સમરું નાથ શંખેશ્વર, સમરથ તારણ તું હી જિનેશ્વર
પ્રાણુ થકી તું અધિક વ્હાલો, દયા કરી મુજને હે નિહાળો
તું પ્રભુ મારો....

ભક્તિ વત્સલ તારું બિરૂદ જાણી કેડ ન છોડું, લેજો જાણી
ચરણોની સેવા હું નિત ચાહું, ઘડી ઘડી હું મનમાં ઉમાહું
તું પ્રભુ મારો....

જ્ઞાન પદમ તુજ ભક્તિ પ્રતાપે, ભવોભવના સંતાપ સમાવે
અમીય ભરેલી તારી, મૂર્તિ નિહાળી, પાપ અંતરના દે એ પખાળી
તું પ્રભુ મારો....

રજૂકર્તા : મુકેશ એ. સરવૈયા

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર દ્વારા પ્રકાશિત—

# શ્રી તીર્થંકર ચરિત્ર [સચિત્ર] ગ્રંથનો થાણા મુકામે થયેલ શાનદાર વિમોચન સમારોહ

પરમ પૂજ્ય શાસનદીપક આચાર્યદેવશ્રી વિજયનયપ્રભસૂરીશ્વરજી મ. સા., યુવા મુનિરાજશ્રી જયપ્રભવિજયજી મ. સા. આદિ ઠાણા-૪ તથા મુનિપ્રવરશ્રી કંચનસાગરજી મ. સા., પૂ. પ્રવર્તકશ્રી હરીશભદ્રવિજયજી મ. સા, મુનિશ્રી વિશ્વાનંદવિજયજી મ. સા. આદિ સાધુ-સાધ્વીજી ભગવંતોની શુભ નિશ્રામાં થાણા મુકામે નયનરમ્ય શ્રી મુનિ સુવ્રતસ્વામી જિનાલયના વિશાળ હોલમાં ગત તા. ૧-૨-૯૮ ને રવિવારના રોજ શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર દ્વારા પ્રકાશિત " **શ્રી તીર્થંકર ચરિત્ર** " [**સચિત્ર**] ગ્રંથનો શાનદાર વિમોચન સમારોહ રાખવામાં આવ્યો હતો.

આ ગ્રંથનું વિમોચન જાણીતા સમાજસેવક શ્રી રાજેન્દ્રરાજજી મોતીલાલજી લોઢાના કર કમલો દ્વારા કરવામાં આવ્યું હતું. શ્રી ઉમેદમલજી પુનમચંદજી સાકરીયાએ (અધ્યક્ષ : હિંદુસ્તાન ચેમ્બર ઓફ કોમર્સ) દીપ પ્રગટાવી વિમોચન સમારોહની શરૂઆત કરી હતી.

આ વિમોચન સમારોહ પ્રસંગે શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગરના પ્રમુખશ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ મંત્રીશ્રી હિંમતલાલ અનોપચંદ મોતીવાળા, મંત્રીશ્રી ચીમનલાલ ખીમચંદ શેઠ, આ ગ્રંથના લેખિકા ડૉ. પ્રફૂલાબેન આર. વોરા, કારોબારીના સભ્યશ્રી નટવરલાલ પી. શાહ. શ્રી ભાસ્કરરાય વૃજલાલ વકીલ તથા સભાના મેનેજર મુકેશકુમાર એ. સરવૈયા તથા મુંબઈ સ્થિત સભાના ભૂતપૂર્વ ઉપ-પ્રમુખ શ્રી રાયચંદ મગનલાલ શાહ તથા અન્ય સભ્યો પણ આ વિમોચન સમારોહ પ્રસંગે ખાસ હાજરી આપી આ સમારોહને યાદગાર બનાવ્યો હતો.

ગ્રંથના વિમોચન બાદ શ્રી રાજેન્દ્રરાજજીએ આ ગ્રંથ પાછળ લીધેલ મહેનત તથા આ ગ્રંથની વિશેષ માહિતી આપી આ કાર્યની ભૂરિ-ભૂરિ અનુમોદના કરી હતી.

સભાના પ્રમુખશ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહે પોતાના વ્યક્તવ્યમાં શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગરનો પરિચય આપતા જણાવ્યું હતું કે છેલ્લા એકસો વર્ષથી સતત કાર્યરત આ સભાએ તેના મુખ્ય ધ્યેય સાહિત્યનો પ્રચાર તે ક્ષેત્રોમાં સારી એવી ગણનાપાત્ર સેવા બજાવી છે. સ્વ. પૂ. આ.શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી અને સ્વ. પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મ. સા, સ્વ. મુનિશ્રી ચતુરવિજયજી મ. સા. તથા પૂ. આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મ. સા. તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આગમપ્રજ્ઞ પૂ. મુનિશ્રી જંબૂવિજયજી મ. સા.ની સક્રિય સહાયથી આજ સુધીમાં બૃહદ્ કલ્પસૂત્ર (છ ભાગમા), વસુદેવહીંડી (બે ભાગમાં), ત્રિશષ્ટીશલાકા પુરૂષ ચરિત્રમ્ (ચાર પર્વ બે ભાગમાં), કર્મગ્રંથો બે ભાગમાં અને અન્ય એવા પ્રાચીન પ્રાકૃત સંસ્કૃત ગ્રંથો (દ્વાદ્શારંનયચક્રમ ત્રણ ભાગમાં પ.પૂ. મુનિશ્રી જંબૂવિજયજી મ. સા, સંપાદિત) નું સંશોધન કરી ઉત્તમ કોટિનું સાહિત્ય પ્રગટ કર્યું છે. તેવી જ રીતે કેટલાયે કિંમતી સંસ્કૃત, પ્રાકૃત ગ્રંથોના ગુજરાતી અનુવદો કરાવીને પ્રગટ કર્યા છે. સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી એવા ૩૦૦ ગ્રંથોનું આજ સુધીમાં પ્રકાશન કર્યું છે. આમાના કેટલાક તો દેશ-પરદેશમાં (દ્વાદ્શારં નયચક્રમ) જૈન-જૈનેતરો વિદ્વાનોમાં ખૂબ પ્રશંસા પામ્યા છે. વધુમાં જૈન જૈનેતર વિદ્વાનો અને સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબોને લગભગ એક લાખ ઉપરની કિંમતનું સાહિત્ય વિનામુલ્યે ભેટ આપેલ છે. ઉપરાંત જૈનોમાં ધાર્મીક અને વ્યવહારિક જ્ઞાનની વૃદ્ધિ થાય તે માટે વિધવિધ સામગ્રી પીરસતું "શ્રી આત્માનંદ પ્રકાશ" નામનુ માસીક છેલ્લા ૯૪ વર્ષથી નિયમીત પણે આ સભા પ્રગટ કરી રહી છે. અને પેટ્રનો તથા આજીવન સભ્યોને વિના મૂલ્યે મોકલવામાં આવે છે.

આમ સાહિત્યના ક્ષેત્રમાં જેમ સંસ્થાએ સારી પ્રગતિ કરેલ છે તેમ તેણે લગભગ ૧૭૩૬ હસ્તલીખિત પ્રતોનો ભંડાર પણ સારી રીતે સાચવી રાખેલ છે, જેનો ઉપયોગ સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો, વિદ્વાનશ્રીઓ, રીચર્સ સ્કોલરો વિગેરે લઇ રહ્યા છે. આ ઉપરાંત પુસ્તકાલય પણ છે જેનો લાભ ઘણા વાચકો તથા સભાસદો લઇ રહ્યા છે.

સભાના મંત્રીશ્રી હિંમતલાલ અનોપચંદ મોતીવાળાએ પોતાના પ્રવચનમાં આ નૂતન ગ્રંથ "શ્રી તીર્થંકર ચરિત્ર (સચિત્ર)" વિષે માહિતી આપતા જણાવ્યું કે આજે મારે આ સંસ્થાના પુસ્તક પ્રકાશન સંબંધમાં આપ સૌને એક નિવેદન કરવું છે. અમારી સંસ્થાએ આજસુધીમાં અંદાજે ૧૫૦ ગ્રંથો ગુજરાતી ભાષામાં પ્રકાશિત કર્યા છે. જેમાં મુખ્યત્વે તીર્થંકર ભગવંતોના ચરિત્રો, પૂ. ગુરુભગવંતોના ચરિત્રો, વાર્તાઓ આદિ પ્રકાશિત કર્યા છે. તેમ જ સંસ્કૃત અને અર્ધમાગધી ભાષામાં પણ અંદાજિત ૧૫૦ જેવા ગ્રંથો પ્રકાશિત કરેલ છે.

હાલમાં શ્રી તીર્થંકર ચરિત્ર (સચિત્ર) અમે તૈયાર કર્યું છે. અને તેનું વિમોચન આજે થઇ રહ્યું છે તે સભા માટે ગૌરવનો વિષય છે. આ ગ્રંથમાં વર્તમાન ચોવીસે તીર્થંકર ભગવંતોના પ્રત્યેક ભવોનું ખૂબ સુંદર રીતે આલેખન કરવામાં આવ્યા છે. પ્રત્યેક તીર્થંકર ભગવંતોના સુંદર ફોટાઓ સાથે સિદ્ધચક્ર ભગવંતોના ફોટા, હ્રીંકારયંત્ર તેમ જ નિર્માણભૂમિ અને યક્ષ-યક્ષિણીઓનો આ ફોટાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તદ્ઉપરાંત સ્તુતિ પણ લેવામાં આવી છે.

ફોટાના સૌજન્ય દાતાઓનું ફોટાઓની પાછળ શુભ નામ પ્રગટ કરવામાં આવ્યું છે. તેમ જ પ્રત્યેક તીર્થંકર ભગવંતોની સ્તવના, ચૈત્યવંદન, સ્તવન અને થોય પણ પ્રગટ કરવામાં આવ્યા છે.

આશા રાખીએ છીએ કે આ ગ્રંથ પ્રત્યેક ભાવિકોને ખૂબ જ ઉપયોગી અને રસપ્રદ બની રહેશે.

આ સભાના પ્રત્યેક મેમ્બર સાહેબોને આ ગ્રંથ ભેટ આપવામાં આવશે. તથા આજે નવા થનાર પેટ્રન મેમ્બર સાહેબોને આ ગ્રંથ તથા શત્રુંજય ગિરિરાજ દર્શન અને નવસ્મરણાદિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્તોત્રની બુક સાદર ભેટ આપવામાં આવશે. જે શત્રુંજય ગિરિરાજ દર્શન બુક શત્રુંજયની યાત્રા કરતાં પહેલા વાચવાથી ગિરિરાજની મહત્તા ખૂબ જ સરળતાથી સમજી શકાશે. આ બુક અમારા તરફથી પ્રભાવના કરનારને જોઈએ તેટલી બુકો રૂા. ૧૦/- ની એકની કિંમતે આપવામાં આવશે.

અંતમાં આપ સૌ મહાનુભાવોને નમ્ર વિનંતી કરવાની કે આ "શ્રી તીર્થંકર ચરિત્ર સચિત્ર)" ગ્રંથના પ્રકાશનમાં અંદાજે હાલ રૂા ૧,૨૦,૦૦૦/- ની ખાધ રહે છે જે આપ સૌ ઉદાર હાથે સહયોગ આપી પુરી કરી આપશો.

આગામી થોડા સમયમાં શ્રીપાળ રાજાનો રાસ ગ્રંથ પ્રકાશિત કરવાનું અમો વિચારી રહ્યા છીએ. આ ગ્રંથ અંદાજે એક નકલ રૂા. ૧૫૦/- ની પડતર થવા અંદાજ છે અને વાચક વર્ગને ઓછી કિંમતે સભા તરફથી આપવાનું વિચારી રહ્યા છીએ.

આ ગ્રંથના મુખ્યદાતા તરીકે રૂા ૫૧ હજાર વિચારેલ છે અને મુખ્યદાતાશ્રી તરફથી આપવામાં આવેલ ફોટા અને જીવન ચરિત્ર તેમાં પ્રગટ કરવામાં આવશે. ઉપરાંત આ ગ્રંથની ૨૫ નકલ મુખ્યદાતાશ્રીને ભેટ આપવામાં આવશે.

સાધુ-સાધ્વીજી ભગવંતોને અમારા ઉપલબ્ધ ગ્રંથોનો ખપ હોય તે સભા તરફથી ભેટ આપવામાં આવશે.

સભાના મંત્રીશ્રી ચીમનલાલ ખીમચંદ શેઠે સભાનો પરિચય અને આ નૂતન ગ્રંથ "શ્રી તીર્થંકર ચરિત્ર (સચિત્ર)" ગ્રંથની પૂરક માહિતી આપી હતી.

આ ગ્રંથના લેખિકા ડો. પ્રફુલ્લાબેન આર. વોરાએ (એમ.એ. અંગ્રેજી, એમ.એડ., પી.એચ.ડી. શિક્ષણ ) સ્વકથનમાં જણાવ્યું કે વિશ્વના ઉત્તમ સાહિત્યમાં જૈન સાહિત્ય એક આગવું મહત્વ ધરાવે છે. જૈન સાહિત્યકારોએ જૈન ધર્મના સિદ્ધાંતો, તત્વજ્ઞાન, કર્મસ્વરૂપ વગેરે ઉપર અનેક ગ્રંથો રચીને વિશ્વને ઉત્તમ સાહિત્યની ભેટ આપી છે. આ ઉપરાંત ઈતિહાસ, જ્યોતિષશાસ્ત્ર અને કાવ્યો જેવી જૈન સાહિત્યિક કૃતિઓથી જૈન ધર્મના ગ્રંથભંડારો સમૃદ્ધ બન્યા છે.

આ અવસર્પિણી કાળમાં ત્રીજા આરાના અંતથી શરૂ કરીને ચોથા આરાના અંત સુધીમાં વર્તમાન ચોવિસ તીર્થંકરો અને તેમના સમયના બાર ચક્રવર્તીઓ, નવ વાસુદેવો, નવ બળદેવો અને નવ પ્રતિવાસુદેવો મળીને કુલ ત્રેસઠ શ્રેષ્ઠ પુરુષો થઇ ગયા. તેઓનું કથા સાહિત્ય 'કલિકાલસર્વજ્ઞ' શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે સંસ્કૃત ભાષામાં રચેલું છે. આ ઉત્તમ સાહિત્ય વારસાને ભાવિ પેઢીઓ સુધી પહોંચાડવાનું કાર્ય કઠિન ગણાય, પરંતુ તે સરળ બનાવવા માટે આ સાહિત્યનું ગુજરાતી ભાષામાં રૂપાંતર કરવાનું બહુમૂલ્ય કાર્ય અનુભવી આચાર્યો, મુનિઓ અને વિદ્વાન લેખકોએ કર્યું છે.

'શ્રી ત્રિશષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર' માં વર્તમાન ચોવીસ તીર્થંકરો ચક્રવર્તીઓ, વાસુદેવો આદિ મહાન વિભૂતિઓનું વિગતથી આલેખન કરવામાં આવ્યું છે. 'શ્રી તીર્થંકર ચારિત્ર' (સચિત્ર) પણ પ્રકાશિત થયું છે, પરંતુ આ ચરિત્રો જો લોકભોગ્ય ભાષામાં આલેખાય, તો તેનો વાચક વર્ગ વિશાળ બની શકે એવા હેતુથી દરેક તીર્થંકર ભગવાનના બધા જ ભવોનું વિગતથી વર્ણન રજૂ થાય એવું પુસ્તક તૈયાર કરવાનું કાર્ય શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર દ્વારા મને સોંપવામાં આવ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પુસ્તક તૈયાર કરવાની જવાબદારીનો મને આનંદ પણ થયો. કારણ કે આપણા બહુમૂલ્ય સાહિત્ય ભંડારોમાં રહેલું રત્નચિંતામણી જેવું જ્ઞાન અને એ ખજાનામાંથી થોડું આચમન કરવાની તક મને મળવાની હતી. વિવિધ ગ્રંથોમાં સચવાયેલા વારસાને ભાવિ પેઢી સુધી પહોંચાડવાનું નિમિત્ત પ્રાપ્ત થયાની ખુશી પણ હું આ સમયે વ્યક્ત કરું છું. જેમ કોઈ ફૂલોના બગીચામાં જતાં ફૂલોની મહેક અને શોભા મનને આકર્ષે અને ચિત્ત અજબ પ્રસન્નતા અનુભવે, એ રીતે શ્રી તીર્થંકર ભગવાનોનાં જીવનની ઘટનાઓ વાંચતા કોઇ આહ્લાદક યાત્રાનો રોમાંચ અનુભવાયો. જ્ઞાનની ગંગોત્રીમાંથી અમી છાંટણારૂપ બિંદુઓનો આસ્વાદ કેવો રોચક બની રહે એનો જાણે કે પ્રત્યક્ષ અનુભવ થયો.

અંતે પરમકૃપાળું પરમાત્માના અનંત ઉપકારોની ગાથાનું માન કરવાનું તો મારું શું ગજુ? છતાં શ્રી જિનશાસનના મહાન જ્યોતિર્ધરોના સિદ્ધાંતોમાં રહેલાં રહસ્યોના ઉકેલનું કાર્ય કરનાર જ્ઞાની મહાપુરૂષો મારા આ નાનકડા પ્રયાસને જરૂરી માર્ગદર્શન આપી ભવિષ્યના આવાં કોઈ કાર્યો માટે સૂચનો આપશે તો મારા કાર્યને પ્રોત્સાહન મળશે અને યોગ્ય દીશા પ્રાપ્ત થશે.

પરમ પૂજ્ય શાસનદીપક આચાર્યદેવશ્રી વિજયનયપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબે પોતાના મનનીય પ્રવચનમાં આ ગ્રંથ પ્રગટ કરવામાં સભાના કાર્યવાહકશ્રીઓએ લીધેલ અથાગ પરિશ્રમ અને આવા બહુમૂલ્ય ગ્રંથની જવાબદારી જે રીતે વહન કરી આપણા સૌના કરકમળોમાં આ ગ્રંથની ભેટ મૂકી છે તેની ભૂરિ-ભૂરિ અનુમોદના કરવા પૂર્વક સભાની પ્રગતિના અંતકરણપૂર્વક આશીર્વાદ આપ્યા.

શ્રી રાજસ્થાન જૈન શ્વે. સંઘ-થાણા દ્વારા સભાના પ્રમુખશ્રી, મંત્રીશ્રીઓ તથા લેખિકા બહેનનું બહુમાન કરવામાં આવ્યું હતું.

આભાર દર્શન સભાના કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી ભાસ્કરરાય વૃજલાલ વકીલે કર્યું. પુસ્તક વેચાણ વ્યવસ્થા શ્રી નટવરલાલ પી. શાહે અને સભાના મેનેજર મુકેશ સરવૈયાએ સુંદર રીતે નિભાવી.

આમ, આ ગ્રંથ વિમોચનનો કાર્યક્રમ પૂ. આચાર્યદેવશ્રીની શુભ નિશ્રામાં અને ઉપસ્થિત મહાનુભાવોની હાજરીમાં અત્યંત ભાવોલ્લાસ પૂર્વક ઉજવાયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ. પૂ. આગમપ્રજ્ઞ—તારક ગુરુદેવશ્રી
# જંબૂવિજયજી મ. સાહેબના વ્યાખ્યાનો

[હપ્તો ૫ મો]

**અષાડ વદ - ૭**

માણસ કોઈપણ કાર્યના પ્રારંભમાં મંગળથી શરૂઆત કરે છે. શા માટે ? કારણ જીવન આખું મંગળ પર રચાયેલું છે. મંગળના પ્રારંભથી કરેલું કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ થાય છે. મંગળ ચાર પ્રકારના છે. ૧. નામ મંગળ ૨. સ્થાપના મંગળ ૩. દ્રવ્ય મંગળ ૪. ભાવ મંગળ.

* સ્થાપના મંગળ — કુંભ, ઘડો આકૃતિ વગેરે.
દ્રવ્ય મંગળ — લોકોમાં ઔપચારિક દહીં, ગોળ વગેરે.

ભાવ મંગળ — પરમાત્મા સાથે જોડાણ.

મંગળ શબ્દની વ્યાખ્યા શાસ્ત્રકારો બે રીતે કરે છે. અક્ષરોને તોડીને કરાતી વ્યાખ્યાને નિરૂક્ત કહેવાય છે. અને ધાતુ વગેરે જોડીને જે વ્યાખ્યા કરાય તેને વ્યુત્પત્તિ કહેવાય છે. જેમકે હિન્દુ શબ્દ છે. હિ એટલે હિંસા અને દુ એટલે દુર રહેનાર. હિંસાથી દૂર રહેનાર તે હિન્દુ

'મં' એટલે શું ? — मथ्नाति विघ्नानि એટલે કે બધા વિઘ્નોનું મંથન કરી નાખે. માણસ જ્યારે દુઃખમાં હોય ત્યારે પહેલી તેની ઇચ્છા કઈ હોય ? બસ, મારૂં દુઃખ દૂર થાય. મંગળમાં તાકાત છે કે ભયંકર વિઘ્નોના પર્વતો હોય તો પણ તેના ચૂરેચૂરા કરી નાખે.

'ગ' એટલે શું ? — गमयति सुखम् એટલે કે સુખ તરફ ગમન કરાવે. પહેલી ઇચ્છા પૂરી થાય પછી એની શું ઇચ્છા હોય કે હવે મને સુખ મળો. મંગળમાં બધા જ સુખોને આપવાની તાકાત રહેલી છે.

'લ' એટલે શું ? — लालयति सुखे એટલે કે સુખોમાં લાલન-પાલન કરાવે. બીજી ઇચ્છા પૂરી થઇ. સુખ મળી ગયું પણ પેલા સટોડિયાના સુખ જેવું સુખ શું કરવાનું ? આજે સટ્ટામાં લાખો રૂપિયા કમાયો અને ફરી થોડા દિવસોમાં લાખો હારી બેઠો. આવું ક્ષણિક સુખ શુ કરવાનું ? માટે ત્રીજી ઇચ્છા છે કે સુખ સદાને માટે ટકી રહે આ રીતે મંગળમાં આટલી તાકાત છે, પહેલાં દુઃખ દૂર કરે પછી સુખો આપે અને સુખમાં લાલન - પાલન કરે. આ મંગળ શબ્દની નિરૂક્તિ થઇ. વ્યુત્પત્તિ એટલે કે मां गालयति पापात् । મને પાપથી છોડાવનાર. આ બધા મંગળમાં ભાવ મંગળ એ ઉત્કૃષ્ટ મંગળ છે. પૂર્વના ત્રણ મંગળથી મંગળ નહીં થાય. પરંતુ પરમાત્મા સાથે જોડાણ થાય તોજ સાચું મંગળ ગણાય.

ધર્મ એ પારસમણિ છે. પારસમણિના સ્પર્શમાત્રથી લોખંડ સોનું બની જાય છે. એક સંત પુરૂષ હતા. તેમની પાસે એક પારસમણિ હતો. તેમને તેની કોઇ દરકાર નહોતી. પણ કોઈએ તેમને ભેટ આપેલો. તેથી તે પારસમણિને લોખંડની ડબ્બીમાં રાખતા. પોતે તો પ્રભુમાં જ મસ્ત હતા. એકવાર તેમની સેવા કરવા માટે એક માણસ આવ્યો. દીન-દુઃખીયાનો ઉદ્ધાર કરવામાં બાવાજી હમેંશાં તત્પર રહેતા. આ માણસ દુઃખી નહોતો પણ અસંતોષી હતો. એને તો ધનના પટારા ભરવા હતા. બાવાજીએ એકવાર કહ્યું કે 'જા બચ્ચા તેરા કલ્યાણ હો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાયેગા.' પરંતુ આને તો કલ્યાણ જોઈતું નહોતું પણ સોનાના ઢગલા જોઈતા હતા તેણે બાવાજીને કહ્યું કે બાવાજી મારે તો ધન-સોનું જોઈએ છે. જગત આખું સોના પાછળ પાગલ બનેલું છે. એક શ્લોક આવે છે કે –

> यस्यास्ति वित्तं स नरः कुलीनः
> स एव वक्ता स च दर्शनीयः ।
> स पण्डितः स श्रुतवान् गुणज्ञः
> सर्वे गुणाः काञ्चनमाश्रयन्ते ॥

અર્થાત્ જેની પાસે ધન છે તે માણસ કુલીન છે. તે જ વક્તા છે, તે જ દર્શનીય છે, તે જ પંડિત છે અને તે જ સર્વજ્ઞ છે, ગુણવાન છે. બધા ગુણો સોનાના આશ્રયે છે, સોનાએ બધાને સૂના કરી દીધા છે. બાવાજીએ કહ્યું કે ભાઈ જો તારે સોનાના ઢગલા જોઈતા હોય તો મારી પાસે પારસમણિ છે તે તને આપું. જા. પેલા સામે લોખંડના ડબલામાં એક પારસમણિ પડયો છે તે લોખંડનું ડબલું લઈ આવ. પેલો લેવા ગયો તેને વિચાર આવ્યો કે પારસમણિ લોખંડના ડબ્બામાં કેવી રીતે રહે. કારણ કે તેના સ્પર્શમાત્રથી જ લોખંડ સોનું બની જાય. તો આ ડબલું લોખંડનું કેમ ? આ બાવાજી છેતરતા તો નથી ને ? તેને વિચારમાં પડેલો જોઈને બાવાજી ઉભા થયા ડબલામાંથી પારસમણિ કાઢયો અને લોખંડના ટુકડાને અડાડયો. તરતજ લોખંડ સોનામાં ફેરવાઈ ગયું, એટલે પેલા માણસે પૂછયું કે બાવાજી આમ કેમ ? આ ડબલું પણ લોખંડનું છે તે કેમ સોનાનું ન બન્યું ? બાવાજીએ કહ્યુ કે ભાઈ વર્ષોથી એ ત્યાં ને ત્યાં પડયો છે તે ડબલામાં ચારે બાજુ જાળાં બાઝી ગયા છે. એ જાળાઓ ઉપર પારસમણિ પડયો છે તે ડબલાને અડતો જ નથી. માટે ડબલું સોનાનું થતું નથી. અરે બાવાજી ! આવો પારસમણિ હોવા છતાં તમે કેમ તિજોરીનાં સાચવી નથી રાખતા ? બાવાજી કહે કે ભાઈ આની કોઈ જ કિંમત નથી. સાચો પારસમણિ ભગવાનનું નામ મારા હાથમાં છે. આવા કાચના ટુકડાને હાથે ય કોણ લગાડે. આ સાંભળતાં પેલા માણસના ભાવો પલટાય છે અને તે પોતે પણ સંન્યાસ સ્વીકારે છે. આ ધર્મરૂપી પારસમણિ આપણી પાસે હોવા છતાં આપણે કેમ સોનાના બનતા નથી ? કારણ કે આપણને એ સ્પર્શતો નથી. ધર્મ અને આપણી વચ્ચે સંસારની આધિ-વ્યાધિ અને ઉપાધિ રૂપી જાળાઓ પથરાયેલાં છે. આજે પરિગ્રહ માટે ભગવાનને કે ધર્મને છોડતા વાર નહીં લાગે. જેણે ભગવાનની રાત-દિવસ સેવા કરી છે અને મંદિરની પ્રતિષ્ટા કેમ વધે એની સતત ચિંતા કરી છે એજ લોકો આજે આ નવો પવન વાતાં પોતાના સ્થાનને-જન્મભૂમિને કાચી મિનિટમાં છોડી દે છે, કારણ બીજી જગ્યાએ પૈસાની કમાણી વધારે છે પૈસા માટે પ્રભુને છોડીને ચાલ્યા જાય છે. આજે ગામડાંઓની દશા જુઓ. ઘણા ગામડાઓમાં ભગવાન પૂજારીને સોંપાઈ ગયા છે તો ઘણાં ગામડાંઓમાં મંદિરની સાર-સંભાળ લેનાર પણ કોઈ નથી. આવો સગવડિયો ધર્મ સુખ કેવી રીતે આપે ?

## અષાડ વદ – ૧૧

સંસારનું સ્વરૂપ જ એવું છે કે જીવો એક પછી એક યાતનામાં પીતાડા રહે છે. અનંતકાળથી ચાલી આવતી દુઃખની હારમાળામાં માણસ અટવાયા કરે છે. જ્યાં સુધી તેને સંસારની અસારત્તાનું ભાન થતું નથી ત્યાં સુધી જીવ એક એક જન્મોમાં વધારે ને વધારે યાતના ભોગવતો જાય છે. પ્રમાદ એટલે કે બેસી રહેવું એ પ્રમાદ નથી. પરંતુ વિષયોની જ આખો દિવસ વિચારણા કરવી એ પણ એક જાતનો પ્રમાદ જ છે. જ્ઞાનીઓએ જીવનમાં પંચ પરમેષ્ઠિની ઉપાસના માટે કહેલું છે જ્યારે આપણે શેની ઉપાસના કરીએ છીએ જાણો છો ? પાંચ ઇન્દ્રિયના સુખની. સમાજનો અડધો વર્ગ (સ્ત્રીઓ) ખાવાના જ ધંધામાં રોકાયેલો છે ને । સવારે શું ખાવું અને શું બનાવવું. બપોરે, સાંજે, મહિનામાં શું ખાવું છે, અરે ! વર્ષમાં શું ખાવું છે એની પણ તૈયારી કરતા હોય છે. છૂંદા, મોરંબા, પાપડ વગેરે... આ જીવે આહારની ચીજો અનંતી ખાધી છતાં આ જીવ તૃપ્તિ પામ્યો નથી. 'ગતિ ચારે કીધા આહાર અનંત નિઃશંક, તોય તૃપ્તિ ન પામ્યો જીવ લાલચીયો રંક...

For Private And Personal Use Only

આપણે અનંતા જન્મોના આહારનો ઢગલો કરીએ તો મેરૂ પર્વત જેવડો થાય છતાં આ જીવને કયાં તૃપ્તિ છે ?

'તપ જેવી રોગની કોઇ દવા નથી' જગતમાં દરેક જગ્યાએ કોઇપણ કામ કરતા કારીગરને રજા મળે જ. માણસને આરામ તો મળવો જોઇએ ને ? હવે તો સરકારે અઠવાડિયામાં બે દિવસની રજા મૂકી છે. તો પછી આપણુ શરીર પણ એક મશીનરૂપી કારીગર છે એને કેમ કોઈ દિવસ રજા નહીં. અઠવાડિયામાં બે નહી તો એક ઉપવાસ તો કરવો જ જોઇએ. પછી જુઓ તમારા શરીરમાં કોઇ રોગ આવે છે ? ભગવાન મહાવીરે બતાવેલો તપ જીવનમાં કેટલો બધો ઉપયોગી છે. કર્મના ક્ષયને માટે તો છે જ ઉપરાંત આરોગ્ય માટે પણ ઘણો જ ઉપયોગી છે. અઠ્ઠમ એટલે ઉપવાસ કેટલા ? ત્રણ. આઠ કેમ નહી ? કારણ... અઠ્ઠમનો અર્થ તો આઠ થાય છે. એક વાર ખાય તે યોગી... બે વાર ખાય તે ભોગી. ત્રણ વાર ખાય તે રોગી.

અઠ્ઠમ એટલે આઠ ભોજનનો ત્યાગ. મોટા ભાગે રોજના બે ભોજનનો ત્યાગ, તેથી ત્રણ દિવસના છ ભોજન. આગલા દિવસે એકાસણુ પારણાના દિવસે એકાસણું આ પ્રમાણે આઠ ભોજનનો ત્યાગ તેથી જ્ઞાનીઓએ એનું નામ અઠ્ઠમ રાખ્યું છે.

એમેરિકામાં એક ડોકટર હતો. એને ભારતના લોકો પર શ્રદ્ધા હતી. એને એમ થતું કે હિંદુસ્તાનના ઋષિમુનિઓએ તપને બહુ મહત્વ આપ્યું છે. શા માટે ? ત્યાંના વૈજ્ઞાનિકોએ ભોગની સામગ્રી ઉભી કરી. જ્યારે આપણા જ્ઞાનિઓએ ત્યાગની સામગ્રી ઉભી કરી પછી આ ડોકટર દરરોજ આ તપપર ચિંતન કરે છે. ચિંતન કરતાં તેને એમ થાય છે કે આ બધા રોગોનું મૂળ ખાવામાં જ છે. માટે હિંદુસ્તનના જ્ઞાનીએએ જે તપ બતાવ્યું છે તે ખરેખર ઉત્કૃષ્ટ છે. રોગોનું મૂળ ભોજન અને દવા બન્ને છે. તેણે પ્રચાર કર્યો કે દવા છોડી દો અને ઉપવાસ કરો. તેથી લોકોને એમ થયુ કે આ તો ઉપવાસ કરાવીને લોકોને મારી નાખશે. તેથી લોકો એ ઝુંબેશ ઉપાડી. ત્યાંની સરકારે તેને જેલમાં પૂર્યો. તેણે જેલમાં રહ્યાં રહ્યાં પણ ઉપવાસની પ્રવૃત્તિ ચાલુ રાખી છેવટે સરકારે થાકીને એને છૂટો કર્યો. તેને બહાર આવીને મોટી હોસ્પીટલ ઉભી કરી. તેમાં જે કોઇ રોગી માણસ દાખલ થાય તો તેની દાખલ થવાની ફી અઠ્ઠમ. પછી એનો જે પ્રમાણેનો રોગ હોય તે પ્રમાણે તેને ઉપવાસો કરાવે. પોતે ૮૪ વર્ષની ઉંમરે પણ ખૂબ જ શસક્ત હતો. તપથી તો બહુ - બહુ ફાયદા છે.

(ક્રમશઃ)

---

**સભાના પેટ્રન તથા આજીવન સભ્યશ્રીઓને**

## "શ્રી તીર્થંકર ચરિત્ર" [સચિત્ર] ભેટ મળશે.

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગરના પેટ્રન મેમ્બર–સાહેબો તથા આજીવન સભ્યશ્રી-ઓને નમ્ર વિનંતી કે શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર દ્વારા પ્રકાશિત "શ્રી તીર્થંકર ચરિત્ર" [સચિત્ર] પ્રગટ થઇ ચૂકયું છે. જેની એક–એક નકલ દરેક પેટ્રન તથા આજીવન સભ્યશ્રીઓને ભેટ સ્વરૂપે આપવાની છે.

તો સભાના કાર્યાલયે આપનું નામ, સરનામું તથા ગ્રાહકનંબર સાથે લાવી રૂબરૂ લઇ જવું.

પ્રાપ્તિ સ્થાન : શ્રી જૈન આત્માનંદ સભા, ખોડીયાર હોટલ સામે, ખારગેઈટ, ભાવનગર–૩૬૪ ૦૦૧ સમય સાંજના ૪–૦૦ થી ૬–૦૦

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જંગલમાં મંગલ : એક અદ્ભુત ચમત્કારિક ઘટના

[ "જેના હૈયે નવકાર તેને કરશે શું સંસાર ?" પુસ્તકમાંથી સાભાર ]


## રસિકલાલ સી. પારેખ

તંત્રી "જૈન ક્રાંતિ" પાક્ષિક ૩૧/૩૬, કરણપરા, રાજકોટ-૩૬૦ ૦૦૧.


'નમસ્કાર ત્યાં ચમત્કાર' અંગેનો પરિપત્ર મળેલો....ત્યાં સુધી મારા અંગત જીવનમાં, જો કે હું ધાર્મિક પત્રનો સંપાદક હોવા છતાં, એક પણ એવી ઘટના બનેલી નહી. તેમજ અમુક માણસોની કપોળ કલ્પીત વાતો, મારા માન્યામાં ન આવે તેવી વાતો મળેલી. પરંતુ દૃઢધર્મી શ્રાવક હોવા છતાં સંજોગોવશાત્ ચમત્કાર ઉપર શ્રદ્ધા બેસતી નહીં. કારણ કે કર્મવાદમાં જ માનું છું.

જોગાનુજોગ આપનો પરિપત્ર મળ્યા બાદ મારા કુટુંબ સાથે વર્ષાકાળના દિવસોમાં ગીરના જંગલમાં જવાનું બન્યું. ત્યારે નમસ્કાર મંત્રના ચમત્કારનો પ્રસંગ બન્યો જે લખી જણાવું છું.

અમો રાજકોટના સ્થા. કુટુંબના સભ્ય છીએ. મારી એક નાની બહેન ઈન્દિરાને જેતપુર પરણાવેલી છે. અને હાલ રાજકોટ રહે છે. તેઓના કુળદેવી કનકાઈ માતાજી છે. બહેન કોઇ બાધા લઇને બેઠી કે મારે માતાજીનાં દર્શન કરવા કનકાઇ માતાજી તાત્કાલિક જવું છે. બનેવી પરદેશ ધંધાર્થે વસવાટ કરે છે. તેથી કોઈ પણ સંજોગોમાં મને સાથ આપવા આગ્રહ કર્યો.

કનકાઈ માતાજીનું સ્થાનક જૂનાગઢ જિલ્લામાં મધ્યગીરમાં અડાબીડ જંગલ વચ્ચે સતાધારથી ઊંડે ૨૪ કી.મી.ને અંતરે આવેલ છે.

ગીરનું જંગલ ગુજરાત સરકારે અભ્યારણ્ય તરીકે જાહેર કરેલ હોવાથી તે હદની અંદર આવેલ નેસડામાં વસતા માલધારીને પણ બીજે ખસેડેલ છે. અને ચારે બાજુથી હદ બાંધી ચેક પોસ્ટ ઉભી કરેલ છે. તેમની પરવાનગી વગર જંગલમાં જવાની સખત મનાઈ છે.

તપાસ કરતાં જાણવા મળેલ કે ચોમાસાની સીઝનમાં ગીરમાં જવાના દરેક રસ્તા બંધ હોય છે. કેડીના માર્ગ ઉપર છ/છ ફૂટ ઘાસ ઊગી નીકળે છે, તેમજ રસ્તામાં આવતા અનેક નાના મોટા ઝરણાંઓ કોતરો વચ્ચે બે કાંઠે હોય છે. તેથી ગીરના ચેકપોસ્ટ એટલે પ્રવેશ દ્વારથી જવા દેવામાં આવતા નથી.

પરંતુ આકરી બાધા લઇને બેઠેલ નાની બહેન ઈન્દુને સમજાવવી ઘણી જ મુશ્કેલ કાર્ય હતું છતાં હિંમત કરીને એક એમ્બેસેડર ગાડીમાં હું, મારા ધર્મ પત્ની, મારી પુત્રી, બન્ને નાની પરિણીત બહેનો, બે નાના ભાણેજ તથા એક નાની ભાણેજ, મોટા બનેવી શ્રી કનુભાઈ શેઠ (એડવોકેટ) તથા ડ્રાયવરતસહીત નાના મોટા દશ સભ્યોએ રાજકોટથી વહેલી સવારે ૫-૩૦ વાગ્યે ગીર તરફથી પ્રયાણ કર્યું.

સામાન્ય રીતે રાજકોટથી કનકાઇનેસ ૧૬૭ કી.મી. થાય, તેથી માનેલ કે ત્રણ કલાકમાં નિર્ધારિત સ્થળે પહોંચી જઇશું. અને જૂનાગઢ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમયસર પહોંચી ચા પાણીને ન્યાય આપ્યા બાદ મેંદરડા થઇને સાસણ તરફ આગળ વધ્યા. સાસણ પહોંચ્યા બાદ વનરક્ષક અધિકારીએ સલાહ આપી કે ચોમાસાને લીધે બધા રસ્તા બંધ છે અને આ સીઝનમાં કનકાઇના જંગલમાં જવું ઉચિત નથી. કારણ કે ભયંકર જંગલમાં ધોળે દિવસે વનના રાજા જંગલમાં મસ્તીમાં પડયા હોય તેમજ રસ્તો પણ તમને મળશે નહિ. તેમને અમોએ અમારા બહેનની ટેકની વાત કરી. ત્યારે તેમણે કહ્યું કે કદાચ સતાધારને રસ્તે જવાશે માટે તે રસ્તે પ્રયત્ન કરો, અમો ૨૭ કી મી. મેંદરડા પાછા ફર્યા. ત્યાંથી બીલખા વીસાવદર ને માર્ગે સતાધાર પહોંચ્યા. સતાધારથી જંગલમાં જવા માટેનો રસ્તો ભૂલ્યા અને દશેક કિ.મી. જઈ પાછા સતાધાર આવ્યા અને ફરી પૂછપરછ બાદ સતાધારથી દક્ષિણ દિશા તરફ જંગલમાં દાખલ થયા અને યોગ્ય માર્ગ તરફ આગળ વધ્યા, ગીચ ઝાડીમાં ફરી રસ્તો ભૂલ્યા. બલકે રસ્તો જ મળે નહિ. ભયંકર અને ઘટાટોપ જંગલમાં અભ્યારણ્યને શરણે કોઇ માનવ વસ્તી મળે નહીં રસ્તો તદ્દન ખરાબ. જે માર્ગે જઈ રહ્યાં હતા, તે કેડીયા માર્ગ ઉપર ચાર–ચાર ફૂટ ઘાસ ઊગી નીકળેલું, ગાડી પાછી વળી શકે તેવી સ્થિતિ નહીં. ધીમેધીમે કીડી વેગે મોટર આગળ જઈ રહી હતી, તેમ તેમ જંગલની ભયાનકતા ઓર વધતી જતી હતી. ચારેક કિલોમીટર આગળ વધ્યા. બાદ ડ્રાઇવર, મારા બનેવી કનુભાઈ શેઠ તથા મારી પણ હિંમત તૂટટી જતી હતી. ઘટાટોપ ઝાડ, પવનની લેરખીઓને કારણે પાંદડાઓનો ખળભળાટ, પશુ-પંખીનો કલરવ, નીરવ શાંતિ–બપોરના એક વાગ્યાનો સમય અને નાછૂટકે ગ ડી ઉભી રાખવી પડી. બીક હતી કયાંક કોઇ, પણ દિશા તરફથી જંગલી પ્રાણી કે વનનો રાજા આવી પડે તો....શું સ્થિતિ ?' મોટર બગડે તો ?... વાતાવરણમાં નરી શૂન્યતા તથા ગંભીરતા આવતી જતી હતી. કુટુંબના દરેક નાનાં મોટા સભ્યોના મુખ ઉપર ગ્લાનિ તથા બીકના એંધાણ વર્તાઇ રહ્યાં હતાં. દરેકના કપાળ ઉપરની રેખાઓ ઉપસી આવેલ... આવાં ઠંડકભર્યા વાતાવરણ વચ્ચે પણ પસીનાના બિંદુઓ સ્પષ્ટ નજરે તરતા હતા. કોઇને કોઈની સાથે વાત કરવામાં પણ અણગમો દેખાતો હતો.

ડ્રાઇવર તથા કનુભાઇ શેઠ હેઠા ઊતર્યા કે કદાચ કોઈ માણસ મળે તો પૂછીએ કે કનકાઈ નો રસ્તો કયો? હું પણ હેઠો ઊતર્યો પરંતુ સ્ત્રી વર્ગને એકલા મૂકીને મને પણ રસ્તો શોધવા જવું ઉચિત ન લાગ્યું. તેથી મોટરના કાચ બંધ કરી હુ બહાર ઊભો રહ્યો. અને કુટુંબના દરેક સ્ત્રી સભ્યો તથા બાળકોને કહ્યું કે હવે ફક્ત આશરો છે આપણા નવકારમંત્રનો. દરેક નાના મોટા નવકારમહામંત્ર ચાલુ કરી દયો. અને તેના પુણ્ય પ્રતાપે કંઇક રસ્તો નીકળી જશે. અને સૌએ એકધારા મહામંત્રના જાપ ચાલુ કરી દીધા. અરે પાંચ વર્ષનો અમીશ (ભાણેજ) આંખ બંધ કરીને ઝડપી ગતિએ નવકારમંત્ર બોલવા લાગ્યો એ જ વખતે થોડે દૂર એક છીંડામાંથી એક ખેડૂત જેવા વૃદ્ધ મારા બનેવીને મળ્યા અને બોલ્યા કે જમણી બાજુએ ધીમેધીમે આગળ વધો. અર્ધો કી મી બાદ જંગલ ખાતાનું ચેક પોસ્ટ આવશે અને ત્યાંથી દશ ગાઉ જતાં માતાજીનું મંદિર આવશે....

સૌને થોડી શાન્તિ થઇ, અને નવકારમંત્રના જાપ સાથે ગાડી ધીમેધીમે આગળ ચાલી. અને થોડે દૂર જંગલ ખાતાનું ચેક પોસ્ટ આવ્યું ત્યારે સૌના મોઢા ઉપર હર્ષની રેખા આવી અને લાગ્યું કે નવકાર મહામંત્રનો પ્રભાવ કેટલો છે !

વાત અહીંથી અટકતી નથી. જંગલના બીટ ગાર્ડ સાથે પૂછપરછ ચાલુ હતી; એ જ વખતે જંગલના અધિકારી શ્રી સિંહા સાહેબ જીપમાં ત્યાં આવ્યા. અમારી પૂછપરછ બાદ તેમણે સલાહ આપી કે વર્તમાનમાં કનકાઇ જવું ઉચિત નથી. રસ્તો બહુ જ ખરાબ છે. છેલ્લા ત્રણેક માસથી અમો પણ અંદર જતા નથી અને જ્યારે તમારી સાથે સ્ત્રીવર્ગ છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે ખોટું જોખમ લેવું યોગ્ય નથી. કારણકે કદાચ ધીમેધીમે આગળ ચાલો. પરંતુ ખાડા, ટેકરા અને કોતરોને લીધે મોટર બગડે તો...? તો તમારી સ્થિતિ તદ્દન કફોડી થઈ જશે. અને મારી સલાહ છે કે તમો અહીંથી જ પાછા ફરી જાવ. પરંતુ મનોમન નિશ્ચય કરી લીધો કે નવકાર મહામંત્રને પ્રતાપે અહીં સુધી પહોંચ્યા છીએ તો એ જ નવકારમંત્રના પ્રતાપે નિર્વિઘ્ને નિશ્ચિત સ્થળે પહોંચી જઈશું.

હિંમતથી આગળ વધ્યા. ખાડા, ટેકરા; અડાબીડ જંગલ, બે કાંઠે વહેતા કોતરોમાંથી પસાર થતાં ઝરણા પસાર કરી, નવકારમંત્રના ચાલુ જાપ સાથે ૨૪ કિલોમીટર ૨ાા કલાકે કાપીને કનકાઈના ઘોર જંગલ વચ્ચે માતાજીની મંદિરની ધજાના દર્શન થયા ત્યારે કુટુંબના સભ્યો અને બાળકોના મુખ ઉપર આનંદની લેરખી આવી ગઇ અને ખૂબ જ ગેલમાં આવી ગયા. અને સૌને ખાતરી થઈ ગઈ કે આ નવકાર મહામંત્ર એ એક અદ્ભુત ચમત્કારીક મહામંત્ર છે.

## અમરપદ પ્રાપ્તિનું રસાયણ

આજથી લગભગ ૧૮૦૦ વર્ષ પહેલા મિસર દેશમાં થઇ ગયેલા મહાન સંત એન્થોનીના જીવનની આ ઘટના છે. તે સમયના પ્રથમ પંક્તિના મહાત્માઓમાં તેમની ગણતરી થતી હતી અને તેમની ખ્યાતિ સુવાસ આજુબાજુમાં સેંકડો માઇલો સુધી પ્રસરેલી હતી.

એક વખત ભક્તોના આગ્રહને માન આપી તેઓ એલેક્ઝાન્ડ્રિયા પધાર્યા હતા ધર્મનો મહોત્સવ પૂર્ણ થતાં પોતાના મૂળ સ્થાને, એટલે કે પિસપિર નામની એકાંત પહાડી પર જવાનો પોતનો વિચાર તેમણે પ્રગટ કર્યો.

સંત દૂર જતા રહેશે તો અમને સમાગમનો લાભ નહીં મળે. એવા વિચારથી ભક્તજનોમાં નિરાશા વ્યાપી ગઈ. સૌએ ભેગા મળીને સંતને ત્યાં જ રોકાવા વિનંતી કરી.

સંતે કહ્યું : બંધુઓ ! તમારો પ્રેમ હું સારી રીતે સમજી શકું છું. પરંતુ અમારી સંતોની દુનિયા જુદી જ છે. જેમ માછલીને પાણીની બહાર કાઢો તો તે તરફડિયાં મારીને ફરીથી પાણીમાં જ જવાને ઇચ્છે છે. તેમ અમે પણ કોઈક વાર લોકપ્રસંગમાં ખાસ કારણસર આવીએ તોપણ ફરીથી એકાત પહાડમાં-જંગલાદિ તરફ પાછા ફરવાને અમારું મન તલસી રહે છે. કારણ કે એવા એકાંત-નિરવ સ્થાનમાં મૌન સહિત અમે અમારા પ્રભુ સાથે લય લગાવીએ છીએ અને તે પરમાત્મપ્રેમ જ અમારા જીવનને અમર બનાવનાર રસાયણ છે.'

– અને બીજે દિવસે સંતે સ્વસ્થાન પ્રતિ વિહાર કર્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈના અને જૈનોલોજી દ્વારા ખુલતી ભારત–અમેરિકામાં આદાનપ્રદાનની નવી ક્ષિતિજો

ઇન્સ્ટિટયૂટ ઓફ જૈનોલોજી (ભારત) અને શ્રી નવકાર સારવાર કેન્દ્રના ઉપક્રમે અમેરિકાના ૫૫ જેટલા જૈન સેન્ટરોના ફેડરેશનના પ્રમુખ ડૉ. ધીરજભાઇ શાહના બહુમાનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ડૉ. ધીરજ શાહે અમેરિકાના ૫૫ સંઘોમાં જિનાલય ઊભું કરવાના એમના પ્રયત્નોનો ખ્યાલ આપ્યો. અમેરિકાની દરેક સ્કૂલોમાં જૈનધર્મની વિગતો મોકલવાની, ફેસ્ટીવલ કેલેન્ડરમાં જૈન પર્વો મૂકાવવાની તેમ જ દર વર્ષે ગાંધીજયંતિના દિવસે અહિંસાનો સંદેશો પહોંચાડવાની એમની યોજના સમજાવી હતી. થોડા જ સમયમાં નોબલ પ્રાઇઝ અને ટેમ્પલટાઇન પ્રાઇઝની માફક ચાલીસ લાખ રૂપિયાનો મહાવીર પિસ પ્રાઇઝ એવોર્ડ અમેરિકાના પ્રમુખને હસ્તે આપવામાં આવશે એમ કહ્યું હતું. અમેરિકાની જૈના સંસ્થાએ અમેરિકામાં તો સેવાપ્રવૃત્તિ કરી છે પરંતુ ભારતમાં કચ્છના બિદડા ગામમા, મહારાષ્ટ્રના લાતૂરમાં તેમ જ બનારસ અને કાશીમાં પણ સેવા પ્રવૃત્તિઓમાં મહત્વનું યોગદાન આપ્યું છે.

ઇન્સ્ટિટયૂટ ઓફ જૈનોલોજીની ભારતની પ્રવૃત્તિઓ વિશે માહિતી આપતા ડૉ. કુમારપાળ દેસાઇએ જણાવ્યું હતું કે આ સંસ્થા દ્વારા જૈન સ્કોલર્સ તૈયાર કરવાની યોજના Ph.D ની ડીગ્રી માટે અભ્યાસ કરતા જૈનદર્શનના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ. આથી અને માહિતી ધરાવતી ડેટા–બેઝ એકત્રિત કરાય છે. અને ઇ. સ. ૨૦૦૧માં ભગવાન મહાવીરના છવ્વીસસોમાં જન્મકલ્યાણકની ઉજવણીનું વૈશ્વિકસ્તરે આયોજન કરાયું છે.

આ પ્રસંગે "ગુજરાત સમાચાર" ના તંત્રી શ્રી શાંતિલાલભાઈ શાહે કહ્યું હતું કે વર્ષો પહેલાં ભગવાન્ મહાવીરસ્વામીએ આપેલા જૈનધર્મના સિદ્ધાંતો આજે વૈજ્ઞાનિક શોધો દ્વારા પ્રમાણિત થઇ રહ્યા છે. આવા જૈનધર્મની ભાવનાઓને સહુએ સાથે મળીને સમાજમાં વધુને વધુ ફેલાવવી જોઇએ. એકવીસમી સદીને જૈનધર્મના અહિંસા, અનેકાંત જેવા સિદ્ધાંતો ઘણી નવી દિશા આપી શકે તેમ છે.

પ્રારંભમાં શ્રી નવકાર સારવાર કેન્દ્રના અગ્રણી શ્રી ભરતભાઇ કોઠારીએ ડૉ. ધીરજશાહની ઉપસ્થિતિ અંગે આનંદ પ્રગટ કર્યો હતો તેમજ શ્રી રમણિકભાઈ કપાસીએ નવકાર સારવાર કેન્દ્રની સાધુ-સાધ્વીજીઓની વૈયાવચ્ચની કામગીરી તથા પાંજરાપોળોને સહાય કરવાની યોજનાનો ખ્યાલ આપ્યો હતો.

આ કાર્યક્રમ દ્વારા ભારત અને અમેરિકા વચ્ચે જૈનધર્મની પ્રવૃત્તિઓનો એક મજબૂત સેતુ સધાયો હોવાથી હવે પરસ્પર આદાન-પ્રદાનની દિશામાં અનેકવિધ કાર્યો થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભાવનગરના કુ. કલ્પના સલોતને કેન્દ્રનો એકસલન્સી એવોર્ડ પ્રાપ્ત



નેશનલ સોલીડરીટી કાઉન્સીલ દ્વારા દિલ્હી ખાતે તાજેતરમાં યોજાયેલ ભવ્ય સમારોહમાં રાષ્ટ્રની વિવિધ ક્ષેત્રની તેજસ્વી મહિલાઓને આઉટ સ્ટેન્ડીંગ પરફોમન્સ માટે કેન્દ્ર સરકારના મંત્રી ડો. એસ. વેણુગોપાલચારી ( યુનીયન મિનિસ્ટર ઓફ એગ્રીકલ્ચર ) ના શુભ હસ્તે એકસલન્સી એવોર્ડ – ૧૯૯૭ એનાયત કરવામાં આવ્યો હતો.

આ એવોર્ડ પ્રાપ્ત કરવાનું બહુમાન આપણા સમાજની એક તેજસ્વી મહિલા અને યુવાન આર્કિટેક્ટ **કુમારી કલ્પના કાંતિલાલ સલોતને** પણ પ્રાપ્ત થયું હતું. શિહોરના વતની અને હાલ ભાવનગર ખાતે રહેતા કુમારી કલ્પના સલોત સર્વ પ્રથમ એવા જૈન આર્કિટેક્ટ છે કે જેમણે જૈન ધર્મ પર શોધ નિબંધ ( થેસીસ ) તૈયાર કરીને આ નેશનલ લેવલનો માનભર્યો એવોર્ડ પ્રાપ્ત કરેલ છે.

કુ. કલ્પના સલોતે જૈનીઝમ ફિલોસોફી પર સૌ પ્રથમવાર થેસીસ તૈયાર કરેલ. જેમાં મુખ્ય હેતું જૈન પીલગ્રીમેઇજ સેન્ટરને ધ્યાનમાં રાખેલ. તેમાં પ્રથમ રેન્ક મળ્યા બાદ તેવા જ સેન્ટર જેવા કે ઉના – અજારા, વલ્લીપુર, મુળધરાઈ, પાવાગઢ આ બધા તીર્થસ્થાનોને આવરી લઇ સંસ્થાઓને ડેવલપ કર્યા.

જૈન સમાજ માટે આ ગૌરવની વાત છે કે આ સ્થાન એવોર્ડ સૌ પ્રથમ જૈન આર્કિટેકટના ફાળે જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) ફોર્મ–૪ નિયમ ૮ પ્રમાણે

# "શ્રી જૈન આત્માનંદ પ્રકાશ"

## સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

**૧. પ્રસિદ્ધિ સ્થળ :**
શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઇટ, ભાવનગર–૩૬૪૦૦૧

**૨. પ્રસિદ્ધિ ક્રમ :**
દરેક અંગ્રેજી મહિનાની સોળમી તારીખ.

**૩. મુદ્રકનું નામ :**
હેમેન્દ્રકુમાર હરિલાલ શેઠ
ક્યાં દેશના : ભારતીય,
ઠેકાણું : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, સુતારવાડ, ભાવનગર–૩૬૪૦૦૧

**૪. પ્રકાશકનું નામ :**
શ્રી જૈન આત્માનંદ સભા, વતી પ્રમોદકાંત ખીમચંદ શાહ
ક્યાં દેશના : ભારતીય
ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઇટ, ભાવનગર–૩૬૪૦૦૧

**૫. તંત્રીનું નામ :**
શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ
ક્યાં દેશના : ભારતીય
ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઇટ, ભાવનગર–૩૬૪૦૦૧

**૬. સામાયિકના માલિકનું નામ :**
શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઇટ, ભાવનગર–૩૬૪૦૦૧

આથી હું પ્રમોદકાંત ખીમચંદ શાહ જાહેર કરું છું કે ઉપરની આપેલી વિગતો મારી જાણ તથા માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧૬–૨–૯૮ **પ્રમોદકાંત ખીમચંદ શાહ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આજે જ મંગાવો

**શ્રી જૈન આત્માનંદ સભા – ભાવનગર દ્વારા પ્રકાશિત**

# શ્રી તીર્થંકર ચરિત્ર [સચિત્ર]

: લેખિકા :

**ડૉ. પ્રફુલ્લાબેન રસિકલાલ વોરા**

એમ.એ. (અંગ્રેજી), એમ.એડ., પી.એચ.ડી. (શિક્ષણ)

: પ્રાપ્તિ સ્થાન :

## શ્રી જૈન આત્માનંદ સભા

**ખોડિયાર હોટલ સામે, ખારગેઇટ, ભાવનગર.**

**કિંમત રૂા. ૧૫૦-૦૦ (પોસ્ટેજ ખર્ચના રૂા. ૧૫-૦૦ અલગ)**

**-: આ ગ્રંથની વિશિષ્ટતાઓ :-**

* ચોવિસે તીર્થંકર ભગવંતોના પ્રત્યેક ભવો સવિસ્તારપૂર્વક આલેખવામાં આવેલ છે.
* ચોવિસે તીર્થંકર ભગવંતોના નયનરમ્ય રંગીન લેમીનેટેડ ફોટાઓ.
* સિદ્ધચક્ર ભગવંતોનો ફોટો * હ્રીંકાર યંત્ર * નિર્વાણભૂમિ.
* યક્ષ-યક્ષિણીઓના ફોટા તેમજ દરેક ભગવંતોની સ્તુતિ.
* ઉપરાંત અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમસ્વામી, ન્યાયાંભોનિધિ પૂ. આચાર્યદેવશ્રી વિજયાનંદસૂરીશ્વરજી મ. સા., શાસનસમ્રાટ આચાર્યદેવશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ. સા., સાશન પ્રભાવક પૂ. આચાર્યદેવશ્રી વિજયમોતીપ્રભસૂરીશ્વરજી મ. સા. તથા સાશનદીપક પૂ આચાર્યદેવશ્રી વિજયનયપ્રભસૂરીશ્વરજી મ.સા.ના રંગીન ફોટાઓ.
* દરેક ફોટાઓ પાછળ ફોટા સૌજન્ય દાતાઓના શુભ નામ, દરેક તીર્થંકર ભગવંતોની સ્તુતિ, ચૈત્યવંદન, સ્તવન અને થોય પ્રકાશિત કરવામાં આવ્યા છે.
* પાછળના પેઇજોમાં દરેક ભગવાનનો પરિવાર તથા ચોવિસે તીર્થંકર ભગવાનની સંપૂર્ણ વિગત દર્શાવતો કોઠો પ્રગટ કરવામાં આવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રદ્ધાનાં બળે

શ્રી ભુપતરાય કુંવરજી દોશી, મુલુન્ડ-મુંબઈ

શત્રુંજયગિરિ વિશે કેટલાય મહાપુરુષો ગ્રંથોના ગ્રંથો લખી ગયા, એની ગરવી ગાથાનું વર્ણન કે ચમત્કારનું વર્ણન યુગ યુગથી ચાલતું આવ્યું છે. આવા મહાન તીર્થ વિષયક સત્ય-ઘટના પર આધારિત એક પ્રસંગ જાણવા જેવો છે.

બેલગામના એક ભાઇ, ઉંમરે હશે માંડ ૪૦-૪૫ વર્ષની. ધર્મનાં સંસ્કારમાં અજોડ, પોતાનાં સંતાનોમાં પણ સુસંસ્કારનું સિંચન અતિ કાળજીથી કરેલ. ઘરમાં ટી.વી. કે ફ્રિજ જેવું અતિવ્યાપક દૂષણ પણ નહિ. એક દિ' મુંબઇમાં મને મળવા માટે મારા ઘરે આવ્યા. ધર્મની ઠીકઠીક વાતચીત કરી. આમ વાતો કરતા કરતા શાશ્વતા તીર્થરાજ શંત્રુજયગિરિની વાત કરી. જે નીચે રજૂ કરું છું,

થોડા વર્ષ પહેલા તે ભાઇની એક આંખે અચાનક દેખાતું બંધ થઇ ગયું. આથી તે મુંઝાયા. એક આંખે દેખાય, પરંતુ તે પણ ક્યારેક દગો દે તો ? એટલે દેવાધિદેવની પૂજા કરતાં આંખમાંથી ચોધાર આંસુએ દિલ ખોલીને પ્રભુને વિનવે છે કે, હે દેવાધિદેવ ! હું તારા દર્શન એક આંખે કરી શકું છું, તેથી તો સંતોષ છે, પરંતુ જો આ આંખ પણ બંધ થઈ ગઈ, તો આ ભવમાં મને તારાં દર્શન નહિ થાય ! ધાર્મિક જીવ એવો કે કર્મમાં ખૂબ જ માને પણ દાદાનાં દર્શન કરતાં આંખમાંથી ચોધાર આંસુએ રડે. ન આજીવિકાની ઉપાધિ, ન ઘરની ઉપાધિ, કે ન સંતાનોની ઉપાધિ ! ફક્ત ચિંતા એક જ કે આ ભવમાં જો બીજી આંખ પણ ગઈ, તો જિનેશ્વરદેવનાં દર્શન કેમ કરી શકીશ ?

મનના આ ઉચાટે બેલગામનાં આંખના સ્પેશ્યાલિસ્ટ ડોકટરને બતાવ્યું. પરંતુ તે પાકું નિદાન ન કરી શક્યા. તેમણે મુંબઇ મોટા ડોક્ટરને બતાવવા કહ્યું : જો દેવાધિદેવનાં દર્શન આ ભવમાં કરવાના સાવ બંધ ન થઈ જાય એ માટે મુંબઇ જઈ બતાવવું. આવી ગણતરી કરી મુંબઇ આવ્યા, અને બોમ્બે હોસ્પિટલના આંખના સ્પેશ્યાલીસ્ટને બતાવ્યું નિદાન થયું કે, આંખની લોહીની ધોરી નસ સૂકાઇ ગઇ છે ! ઓપરેશન દ્વારા પણ સારું નહિ થાય, માટે એક આંખથી હવે ચલાવવાનું હોવાથી વધુ વાંચન કરવું નહિ.

આ શબ્દે તે ભાઇના દિલના દ્વાર ધ્રુજી ઊઠયાં, અરે ! ધર્મનું વાંચન તો મારો પ્રાણ છે. તો તે પણ શું હવે બંધ થઇ જશે ? મુંબઇથી બેલગામ પહોંચ્યા ત્યાં સુધી ખૂબ જ ચિંતિત રહ્યા, પણ ડોકટરનાં નિદાન પાસે કોઇ ઉપાય ન હતો.

થોડો સમય પસાર થયો હશે, ત્યાં તેમને પાલિતાણા યાત્રા કરવાનું મન થયું. વિચાર કર્યો કે, થાય એટલી યાત્રા કરી લઉં. કારણ કે નાની ઉંમરે આંખનું મોટું દર્દ આવ્યું, પછી અંધાપામાં દેવાધિદેવ પ્રભુ આદિનાથના પ્રત્યક્ષ દર્શન પણ કદાચ નહિ કરી શકું.

તે ભાઈ પોતે સહપરિવાર બેલગામથી પાલીતાણા આવ્યા, યાત્રા કરવા જતા પહેલા વિચાર કર્યો કે, આ ગિરિરાજ ઉપર તો કાંકરે કાંકરે અનંતા આત્માઓ મોક્ષે ગયા છે. માટે લાવ આજે પગથિયે પગથિયે ખમાસમણા દઈ મોક્ષે ગયેલા દરેક સિદ્ધ આત્માને યાદ કરું ! અને સાચા હૃદયથી ખમાસમણા દેતા દેતા દાદાનાં દરબારમાં જાઉં. તે ભાઈએ તળેટીથી શરૂઆત કરી. પગથિયે પગથિયે ખમાસમણા દેતા દેતા દાદાના ગભારા સુધી પહોંચ્યા, જોકે સમય ઘણો જ લાગ્યો પરંતુ વાપરવું તો હતું નહિ, જેથી નીચે આવવાની ઉતાવળ ન હતી કે બીજી ચિંતા ન હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાવપૂર્વક યાત્રા કરી, ભાવપૂર્વક ખમાસમણાં દઈ જ્યારે તે ભાઈ બેલગામ પહોંચ્યા, ત્યારે તેમને આંખમાં થોડો સુધારો લાગ્યો. એક દિવસે ત્યાંના ડોક્ટરને આંખ ફરીથી ચેક કરાવી, ત્યારે ડોક્ટરે કહ્યું : તમારી આંખ એકદમ સ્વચ્છ છે. લોહીની સુકાઈ ગયેલી ધોરી નસ પાછી ચાલુ થઈ ગઈ છે ! એ તો કહો કે, આ સારવાર તમે કોની પાસે લીધી ? અશક્ય વસ્તુને શક્ય કરનાર કયો ડોક્ટર આ વિશ્વમાં પેદા થયો છે તે મારે જાણવું છે. પેલા ભાઈએ સાચી હકીકત જણાવતા કહ્યું : મુંબઈના ડોક્ટરે હાથ ઘસી નાંખ્યા. આ પછી ખૂબ જ ભાવથી એક વાર મેં પાલિતાણાની યાત્રા કરી. એનો જ આ પ્રભાવ છે. હું તો ચોક્કસ એમ જ માનું છું કે, શ્રદ્ધાના બળે આ ચમત્કાર સરજયો છે

આ પ્રસંગ તો નાનો છે. પરંતુ શ્રદ્ધાનો અખૂટ ખજાનો આમાં ભર્યો છે, દેવાધિદેવના દર્શનની આ કેવી ભાવના ! આવા પાવન તીર્થમાં આપણે પણ કેટલીય યાત્રા કરી હશે પરંતુ કેવી રીતે યાત્રા કરી ? જવાબ મળે કે, વાતો કરતા કરતા, ઘર ઘરની કુથલી કરતા, ગાયન ગાતા ગાતા, વારંવાર થુંકતા થુંકતા, ચામડાના ચંપલ, બૂટ કે પટ્ટા પહેરીને, પાણી પીતા, દહીં ખાતા, નહાતી વખતે અશુચિ કરીને, ખાસ કરીને બહેનોની પૂજાની લાઇનમાં ધક્કામુક્કી કરીને આવી રીતે કરેલી યાત્રાનું વર્ણન તો ઘણું જ મોટું થાય, પરંતુ જો પેલા ભાઈની જેમ શ્રદ્ધાપૂર્વક યાત્રા કરીશું, તો ક્યારેક આપણને પણ ચમત્કાર માણવા મળશે.

[ 'કલ્યાણ' માસીકમાંથી સાભાર ]

# * સાભાર સ્વીકાર *

શ્રી જૈન આત્માનંદ સભા – ભાવનગરને નીચે મુજબના પુસ્તકો જુદી – જુદી સંસ્થાઓ, આચાર્ય ભગવંતો તથા વ્યક્તિગતરૂપે ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયેલ છે. જે બદલ સભા આપ સર્વેનો જાહેર આભાર માને છે.

## પ્રાપ્ત થયેલ પુસ્તકોની યાદી નીચે મુજબ છે.

* રત્નત્રયી ટ્રસ્ટ – મુંબઈ તરફથી (૧) "પ્રવચન ગંગા" (૨) "પગલે પગલે પ્રકાશ" લેખક । પંન્યાસશ્રી રત્નસુંદરવિજયજી મ. સા.
* આગમપ્રજ્ઞ મુનિશ્રી જંબૂવિજયજી મ. સા. તરફથી (૧) "ગુરુવાણી" ભાગ – ૨ તથા "દ્વાદશારં નયચક્રમ" (પુનઃમુદ્રણ) ભાગ–૧.
* રત્નત્રયી ટ્રસ્ટ – મુંબઈ તરફથી (૧) મોતનો પડકાર મોતને પડકાર, (૨) "મુનિ ! તારી શક્તિ ન્યારી" લેખક ; આ.શ્રી રત્નસુંદરસૂરિજી મ. સા.
* અક્ષય પ્રકાશન-મુંબઈ તરફથી (૧) "મીત મેરે" (હિન્દી) લે. પૂ. મુનિશ્રી મુક્તિરત્નસાગરજી મ સા.
* રત્નત્રયી ટ્રસ્ટ-મુંબઈ તરફથી (૧) "સંભાળજો" લે. આ.શ્રી રત્નસુંદરસૂરિજી મ.સા.
* મુનિશ્રી મુક્તિસાગરજી મ સા મુંબઈ તરફથી (૧) ભક્તિ વગર મુક્તિ નથી લે. મુનિશ્રી મુક્તિસાગરજી મ.સા.
* પાર્શ્વચંદ્રસૂરિ સાહિત્ય પ્રકાશન સમિતિ-મુંબઈ તરફથી "જિન સ્તવન ચતુર્વિંશતિકા" સંપાદક : મુનિશ્રી ભુવનચંદ્રજી મ સા.
* પં.શ્રી ધર્મધ્વજવિજયજી મ. સા. તરફથી 'મૃત્યુ મહોત્સવ' કોપી ૭ લે. પં.શ્રી ધર્મધ્વજવિજયજી મ.સા.
* મહાજનમ્ મુંબઈ તરફથી "ધમ્મં શરણં ગચ્છામી" લેખક : પંન્યાસશ્રી ચંદ્રશેખરવિજયજી મ. સા.
* શ્રી જૈન શ્વે. મૂ. પૂ. તપા સંઘ ટ્રસ્ટ–વર્ધમાનનગર-રાજકોટ–તરફથી (૧) "ચત્વાર : કર્મ ગ્રંથા :" નકલ ૨૫, સંયોજક : આ.શ્રી વિજયચંદ્રગુપ્તસૂરિજી મ સા. (૨) "ભારતીય જૈન શ્રમણ સંસ્કૃતિ અને લેખન કળા" (જૈન ચિત્રકળા) લેખક : મુનિશ્રી પુણ્યવિજયજી મ. સા.

For Private And Personal Use Only



## સદ્વર્તન........

पाथेयं खलु सद्वृत्तं परलोकहितावहम् ।
इहलोकसुखायापि परमावश्यकं च तत् ॥

卐

* પરલોક માટેનું ભાતું ખરેખર સદ્વર્તન છે, જે અહીંના સુખ માટે પણ અત્યંત જરૂરી છે.

卐

* The viaticum beneficial to the next world. is, good conduct which is indeed, highly necessary to be happy even in this life.

પ્રતિ,

BOOK-POST

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેટ, ભાવનગર-૩૬૪૦૦૧.

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, સુતારવાડ, ભાવનગર.